# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૨ અષાઢ-જુલાઈ સળંગ અંક-૧૨૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહ્લાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ શરીરનો નાનો-વિશિષ્ટ અવયવ : જીભ

★ અહો નવકાર !!!

★ હે વિહુય-રય-મલા !


## આર્ષવાણી

नमन्ति फलिता वृक्षा,

नमन्ति कुशला नराः ।

शुष्कं काष्ठं च मूर्खाश्च,

भज्यन्ते न नमन्ति च ।।

ફળ આવ્યા બાદ વૃક્ષો-ડાળીઓ નમે છે. કુશળ બુદ્ધિશાળી જીવો નમે છે. પરંતુ સૂંકું લાકડું અને મૂર્ખ જીવો ભાંગી જાય છે પણ નમતાં નથી.

બુદ્ધિમાન જીવોનો કાળ ગીત-કાવ્ય-વાર્તાવિનોદમાં પસાર થાય છે. મૂર્ખજીવોનો સમય વ્યસન-ઊંઘ અને ઝઘડામાં વીતે છે.



## ★ શરીરનો નાનો-વિશિષ્ટ અવયવ : જીભ ★★★

- ધર્મ ચિંતક

માનવના શરીરમાં જીભ એક અગત્યનું અંગ છે. આ અવયવનું મહત્ત્વ ઘણું છે. જીવવા-જીવાડવામાં આ અંગ ઉપયોગી છે, તેમ મરવા-મરાવવામાંય આ અંગનો ઉપયોગ (!) થાય છે. જીભમાં એક પણ હાડકું નથી. માત્ર એનો એક છેડો ગળા સાથે જોડાયેલો છે. પરંતુ જગત સાથે સૌથી વધુ જોડાયેલો આ અવયવ છે. એનું બોલેલું સમગ્ર જગતમાં ફેલાય છે. ખાવા-પીવાની જગતની સામગ્રી સાથે પહેલો સંપર્ક તેનો થાય છે. ત્યારબાદ પેટ વગેરે અવયવોનો સંપર્ક થાય છે. વળી, પેટમાં પહોંચતાં તેનું સ્વરૂપ પણ બદલાઈ જાય છે. રોટલી-શાક-દાળ વગેરે મિક્ષ થઈને પેટને મળે છે. કારણ, જીભને ગમે તે રીતે તે-તે દ્રવ્યોનું સંયોજન કરીને તે ખાય છે. સારા-નરસા સ્વાદની ફરિયાદ પણ જીભ જ કરે છે, પેટ નહીં ! જીભની અંદર ગળામાં ગયા પછી બાકીના કોઈ અવયવ લગભગ ક્યારેય ફરિયાદી બનતા નથી.

મોટાભાગના ઝઘડાય આ જીભના કારણે જ થાય છે. ભલે હાથ-પગ વગેરે અવયવોને જ એ ઝઘડામાં ઝંપલાવવું પડે ! વાક્કલહ સુધી જ જીભનું કાર્ય હોય છે. આગળના ઝઘડામાં જીભનો રોલ પૂરો થઈ જાય છે. એમ કહી શકાય કે - જીભ પલીતો ચાંપીને ખસી જાય છે. ચીનગારી લગાવીને અળગી થઈ જાય છે ! રામાયણાદિ કંઈ-કેટલાય યુદ્ધો જીભ દ્વારા નીકળેલા શબ્દોનાં કારણે જ સર્જાયાં છે. શબ્દમાં 'ઘા' કરવાની તાકાત પણ છે ને 'મલમ' નું કાર્ય કરવાની ક્ષમતા પણ છે. બે વ્યક્તિ આદિ વચ્ચે ખાઈ-દિવાલ ઊભી કરવા જેમ જીભ સક્ષમ છે, તેમ ખાઈને પૂરવા ને દિવાલને તોડી સુલેહ કરાવવાય એ સમર્થ છે. મતલબ એ થયો કે - જીભ ચાહે તો કાતરનુંય કામ કરી શકે છે ને સોય-દોરાનું કાર્ય પણ કરી શકે છે ! વ્યવહારથી ગણો તો બોલવાનું અને ખાવાનું (સ્વાદ લેવાનું) એમ બંને કાર્યો એ જ કરે છે. તેથી જ પાંચ ઈન્દ્રિયોમાં સૌથી વધારે ઊછળ-કૂદ કરનારી અને જીતવામાં દુષ્કર આ જીભ એટલે જીહ્વા-ઈન્દ્રિય છે.

બેઈન્દ્રિયથી લઈ પંચેન્દ્રિયસુધીના જીવોને જીભ મળે છે. માત્ર સ્થાવર ગણાતા એકેન્દ્રિયજીવો (પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાઉકાય અને વનસ્પતિકાય) ને જીભ મળતી નથી. અલબત્ત, જીવોની બહુમતિ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિયમાં નહીં, એકેન્દ્રિયમાં હંમેશા હોય છે. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય બધા જ જીવોની સંખ્યા ભેગી કરો તોય અસંખ્ય જ થાય... જ્યારે માત્ર એકેન્દ્રિયમાં અને એમાંય વનસ્પતિકાયની

સંખ્યા ગણો તો અનંત થઈ જાય છે ? કાશ ! અવ્યવહારરાશિને છોડી દઈએ તો મોટા ભાગના જીવો જીભના દુરુપયોગ કરવાના યોગે એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે. (ત્યાંથી બહાર નીકળવાનું અને બેઇંન્દ્રિય વગેરેમાં આવવાનું કાર્ય ખૂબ જ દુષ્કર છે.)

અનાદિ નિગોદમાં (અવ્યવહારરાશિરૂપ નિગોદ) થી નીકળ્યા પહેલાં જીવને જીભની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારરાશિમાં પણ સ્થાવરની કક્ષામાંથી બહાર નીકળી ત્રસપણું પ્રાપ્ત કરે પછી જ જીભ મળે છે. મતલબ, પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવર યોનિમાંથી આત્મવિકાસ સાધતાં બેઇન્દ્રિયાદિ ત્રસપણાની પ્રાપ્તિ ભવિતવ્યતાના યોગે થાય પછી પર્યાપ્તિઓમાં ઇન્દ્રિયપ્રર્યાપ્તિ, જે ત્રીજા નંબરે આવે છે, તે પૂર્ણ થયાબાદ જીભ મળે છે. તેનો ઉપયોગ શરૂ થાય છે. સ્વાદ પારખવા માટે અને બોલવા માટે આવશ્યક અને જરૂરી જીહ્વાનો લાભ થઈ શકે છે. અલબત્ત, આટલે વિકાસ થયા પછી પણ ઇન્દ્રિય નામકર્મમાં કે ઇન્દ્રિય પર્યાપ્તિનામકર્મમાં ખામી હોય તો બેઇન્દ્રિયાદિની જાતિમાં આવવા છતાં તે જીવને રસનેન્દ્રિય કાર્યક્ષમ હોતી નથી. આટલી ઊંડી અને વિસ્તૃત જાણકારી માત્ર જૈનશાસ્ત્રોમાં જ ઉપલબ્ધ થાય છે. વળી, આ હકીકત કેવલી ભગવંતે કહેલી હોવાથી આમાં લેશમાત્ર અસત્યનો અંશ કે અતિશયોક્તિ હોતી નથી.

જીભ ભલે બેઇન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવોને મળતી હોય... પરંતુ એમાં તિર્યંચોને તેવા પ્રકારના કર્મોદયના પ્રભાવે સ્પષ્ટ વાણી-ભાષાની પ્રાપ્તિ થતી નથી. માનવોને તથા દેવોને સ્પષ્ટ ભાષા-વાણીના પ્રયોગની શક્તિ મળે છે. નારકીઓને જીભ મળે છે. પરંતુ એનું કોઈ ખાસ મહત્ત્વ નથી. કારણ, એને બોલવાથી કોઈ ખાસ લાભ થતો નથી.

દેવો તથા નારકીઓને જીભનો ઉપયોગ ખાવા માટે થતો નથી. કારણ, તેમના શરીરમાં સાત ધાતુ ન હોવાથી તે બનાવવામાં ઉપયોગી આહારની આવશ્યકતા રહેલી નથી. દેવોને ખાવાની ઇચ્છા જરૂર થાય છે પરંતુ તેમને ઓડકાર આવતાં જ તૃપ્તિ થઈ જાય છે, ખાવાની આવશ્યકતા નથી. તેમને કવલાહાર નથી. તેથી તેમને અનાજ-પાણી-અગ્નિ-વાસણ વગેરેની જરૂરિયાત નથી. વળી, ખાવા-પીવાનું ન હોવાથી લઘુનીતિ-વડીનીતિ (બાથરૂમ-સંડાસ) જેવી ચીજ હોતી જ નથી. નિહારની ક્રિયા આહાર સાથે જોડાયેલી હોય છે. આહાર કરે તેને જ નિહારની જરૂર હોય છે.

નારકી જીવોને આહારની ઇચ્છા ખૂબ જ થાય છે. ગમે તેટલું ખાવા-પીવા મળે તોય તૃપ્તિ ન થાય તેવી ભૂખ અને તરસ લાગે છે. આ પણ તેમને માટે પીડા સ્વરૂપ છે. તે જીવો ખાઈ-પી શકતા નથી. કાશ ! પરમાધામી દેવો તેમને અશુચિ-



લોહી-માંસ વગેરે કૃત્રિમ પદાર્થો ખવડાવે-પીવડાવે તે પણ તેમની વેદનામાં વધારો કરનાર થાય છે. મતલબ, ખાય-પીવે તોય પીડા અને ન ખાય-પીએ તોય દુઃખ !

આનો અર્થ એ નીકળ્યો કે - દેવો-નારકોને જીભ મળવા છતાં ખાવા-પીવાનો આનંદ તો લૂંટી શકતા નથી ! ઇચ્છા-ઓડકારથી સંતોષ માનવો પડે છે. હા, સમ્યગ્દૃષ્ટિ દેવો તથા નારકો ભગવાનનાં ગુણ-ગાન કરીને મળેલી જીભનો સદુપયોગ કરી લેતા હોય છે.

આટલી વાતો જાણ્યાબાદ એમ લાગવું જોઈએ કે - કેટલો વિશિષ્ટ પુણ્યનો ઉદય થાય ત્યારે જીભ મળે છે ને કેટલી સમજણ મળી હોય ત્યારે તેનો વિવેક પૂર્વક સદુપયોગ થઈ શકે છે ? અર્થાત્ પુણ્ય-જ્ઞાન અને વિવેક ત્રણે મળે તો આ જીભ નવું પુણ્ય બંધાવી શકે અને નિર્જરાના લાભાર્થી બનાવી શકે. પુણ્યથી જીભ મળી જાય પણ જ્ઞાન અને વિવેક ન હોય તો તેનો દુરુપયોગ કરી... પાપોપાર્જન દ્વારા દુર્ગતિની યાત્રા ને ભવભ્રમણ વધારી દે છે !

જ્ઞાન અને વિવેકહીન જીવ(માનવ) ખાઈ-પીને તથા બોલીને માત્ર પાપ કર્મો જ બાંધવાનું કાર્ય કરે છે. એટલે જીભ લાભ કરનારી પણ થઈ શકે, તેમ નુકશાન કરનારી પણ થઈ શકે છે.

રસના-ઇન્દ્રિયના ગુલામ બનીને ભાવતી ચીજ, વિવેક ગુમાવીને વાપરવામાં આવે તો એ ખાવાની-જીવાડનારી વસ્તુ હોવા છતાં પ્રાણ લેનારી બની શકે છે ! દરેક કાર્યોમાં વિવેક હોવો ખૂબ જ જરૂરી છે. બીમારી દૂર કરનારી દવા હોય પણ તેય જો વિવેક વગર લેવામાં આવે તો ?બીમારી મટાડવાની જગ્યાએ બીમારી વધારનારી અથવા મારનારી પુરવાર થઈ શકે છે !

કોઈ પણ પદાર્થ જીભ ઉપર આવતાંની સાથે, જીભ અને ખાવા-પીવાની સામગ્રીનો સંપર્ક થતાં જ સ્વાદની અનુભૂતિ થવાની જ. સ્વાદ આવતાં જ; તે પદાર્થનો સ્વાદ મનપસંદ હોય તો રાગ અને પસંદ ન હોય તો દ્વેષ પણ થવાનો... માટે જ ખાસ કરીને સાધુ-સાધ્વીજીને ભોજનની ક્રિયા સમયે જણાવ્યું કે-વાપરતી વખતે કોળિયો જમણેથી ડાબે કે ડાબેથી જમણે ન લઈ જવો-કારણ, એમ કરવાથી વચમાં જીભ (દલાલ) પોતાની દલાલી ખવા લાગી જાય છે. એટલે કે રાગ-દ્વેષ કર્યા વગર રહેતી નથી. તેથી રાગાદિના પાપથી બચવા માટે એક જ બાજુથી કોળિયો ચાવીને ગળામાં ઉતારવાની વાત ત્યાં લખી છે.

જો રાગ-દ્વેષ ઉપર પોતાનો કાબૂ ન હોય અને મન ઉપર પોતાની લગામ ન હોય તો આ જીભ નાહકનાં કેટલાંય કર્મો બંધાવે છે. કોઈપણ ખોરાક તમે જ્યારે ખાઓ છો ત્યારે ચાવવાની મહેનત (પરિશ્રમ) દાંત કરે છે. જ્યારે જીભ

લીલામાત્રમાં સ્વાદ લઈ ગળી જાય છે. આમાં દાંતથી ચાવવાના યોગે જેટલાં કર્મો નથી બંધાતાં, તેના કરતાં અનેક ગણાં કર્મો જીભના કારણે બંધાય છે.

પરમાર્હત્ કુમારપાળ મહારાજાને ઘેબર ખાતાં ખાતાં માંસ યાદ આવ્યું... એટલે કે-માંસના સ્વાદની અનુભૂતિ (સ્મરણ) થઈ... તેથી તેઓ તરત જ પોતાના ગુરુદેવ કલિકાલસર્વજ્ઞ આ.ભ.શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પાસે દોડી ગયા... ત્યાં જઈને પૂછ્યુંઃ ગુરુદેવ ! ઘેબર ભક્ષ્ય કે અભક્ષ્ય ? ગુરુદેવે ઉત્તરમાં તરત જ જણાવ્યુંઃ પરમાર્હત્ ! તારા માટે ઘેબર અભક્ષ્ય છે ! વિચિત્ર લાગે એવો જવાબ છે ને ? દુનિયા માટે નહીં, માત્ર મારા માટે અભક્ષ્ય ? હા, એ ખાતાં માંસના રસાસ્વાદનાં સંસ્મરણો થયાં તેથી તારા માટે અભક્ષ્ય ગણાય. જો એ ઘેબર જીભને ન અડ્યાં હોત... એક જ બાજુથી ચવાઈને ગળેથી નીચે પેટમાં ગયાં હોત તો ભક્ષ્ય- અભક્ષ્યની શંકા જ ન થઈ હોત ! માટે જ જીભને દલાલી ન મળી જાય... તેનું ધ્યાન (વિવેક) રાખવાનું છે.

સામાન્યથી આંખ-નાક-કાન-હાથ-પગ આદિ બે-બે હોવા છતાં તેનાં કામ એક-એક જ હોય છે, જ્યારે જીભ એક જ છે ને કાર્યો બે કરે છે ! ૧. ખાવાનું અને ૨. બોલવાનું. બંને ક્રિયા જો વિવેકાત્મક રીતે થાય તો પરિણામે લાભ થાય. વિવેકહીનપણે ક્રિયા થાય તો (ખાવાની વાત હોય કે બોલવાની વાત હોય : બંનેમાં) નુકશાન થાય છે ! ઘણી વાર સૌને અનુભવ થયા હોય છે કે - બોલવાથી જ બાજી બગડી હોય છે. મૌન રહેવામાં આવે તો અનર્થથી બચી જવાય છે. ખાવાની ક્રિયા પણ પોતાની શરીરની તાસીર (પ્રકૃતિ) ઓળખ્યા વગર, પથ્ય-કુપથ્યનો વિચાર કર્યા વિના કરવામાં આવે તોય અનર્થ થાય છે.

વિચાર કરીએ તો ઘણી ઘણી રીતે જીભ મહત્ત્વનું અંગ ગણી શકાય. કેવલી ભગવંતને ત્રિકાળજ્ઞાન હોવા છતાં લોકોપકાર તો જીભદ્વારા જ થાય છે ! જો તેઓ જીભનો ઉપયોગ બંધ કરી દે તો 'વિનિયોગ' નામની પ્રક્રિયા જ બંધ થઇ જાય. અન્ય જીવો પર ઉપકાર ન કરી શકે. પરોપકારનું સૌથી મોટું કાર્ય જીભદ્વારા જ થતું હોય તેવું નથી લાગતું ?

પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જોઈએ તો વાચના-પૃચ્છના અને ધર્મકથાઃ આ ત્રણ પ્રકારના સ્વાધ્યાયમાં જીભ અનિવાર્ય બને છે. અનુત્તરવાસી જેવા દેવો માત્ર મનદ્વારા કેવલી-તીર્થંકરભગવંતોના સંપર્કથી જિજ્ઞાસાની તૃપ્તિ કરી લે છે. તેમાં જીભ નહીં, દ્રવ્યમનનો ઉપયોગ થાય છે. જે મૂક કેવલી હોય તે જગતના જીવો પર ઉપકાર કરી શકતા નથી.



આરોગ્યની દૃષ્ટિએ જોઈએ તો જીભ મહત્ત્વની પુરવાર થાય છે. વૈદ્ય હોય કે ડોક્ટર... પેટની હાલત કેવી છે ? પેટમાં મળનો ભરાવો છે કે કેમ ?... એ બધાનો નિર્ણય જીભ પરથી કરે છે ! જીભ પર છારી છે કે નહીં ? છે તો કેવા રંગની છે ?... તેના પરથી પેટની સ્થિતિ સમજી લે છે. માટે જીભને પેટનો અરિસો ગણવામાં આવ્યો છે.

સામાન્યથી જ્ઞાની ભગવંતોએ ઇન્દ્રયોને હરામી-ચોર ગણાવી છે. જીવે માંડ-માંડ ભેગી કરેલી ધર્મ કે પુણ્યની મૂડીને તે હરામી ઇન્દ્રિયો ક્ષણવારમાં પ્રમાદને હવાલે થઈ લુંટાવી દે છે ! સ્લીપ (લપસી) થવાથી જેમ માનવના શરીરને ભારે નુકશાની વેઠવી પડે છે ક્યારેક મોતને ભેટવું પડે છે ! તે જ રીતે જીભ પણ સ્લીપ ખાય, તો ભારે તબાહી સર્જાય છે ! ક્યારેક લપસી પડેલી જીભ જિંદગી ભરની પીડાનો ભોગ બનાવી દે છે. !

ભગવાન મહાવીરસ્વામીનો જીવ, ત્રીજા ભવમાં મરીચિ તરીકે હતો... ત્યારે જીભ લપસી ગઈ ! એક નાના પણ કાળોતરા સાપના કણા જેવા વાક્યના ઉચ્ચારણથી એક કોડા કોડી સાગરોપમ સંસારને વધારી દીધો...! તેને શાસ્ત્રકાર ભગવંતોએ લપસી પડેલી જીભદ્વારા બોલાયેલું ઉત્સૂત્ર ભાષણ ગણાવ્યું.

જૂઠ બોલવામાંય આ જીભ જ જવાબદાર ગણાય છે. કેટલીય વાર આપણે જોઈએ છીએ...કે જૂઠ બોલવાના કારણે ફાંસીની કે આજીવન કારાવાસની સજા પણ ભોગવવી પડે...! બોલવાની ગરબડને કારણે જાવજ્જીવ એક-બીજાના સંબંધો ખારા-કડવા થઈ જાય છે. સંબંધો પર હંમેશ માટે પૂર્ણ વિરામ મૂકાઈ જાય છે. વારંવાર જૂઠ બોલનાર પર લોકોને વિશ્વાસ રહેતો નથી. અવિશ્વાસની નજરથી જ બધા તેને જુએ છે.

જીભદ્વારા ઉચ્ચારાયેલાં વચનો ક્યારેક મનોરંજન પૂરું-પાડે છે તો ક્યારેક સામા જીવને ઉચાટ પેદા કરાવે કે શોકગ્રસ્ત બનાવી મૂકે છે. ક્યારેક એ વચનો જીવને રાગના રંગથી રંગી દે છે તો ક્યારેક વૈરાગ્યથી વાસિત બનાવી દે છે ! ક્યારેક ચિંતન કરવા પ્રેરે છે તો ક્યારેક ચિંતાગ્રસ્ત બનાવી મૂકે છે ! ક્યારેક હસાવે છે તો ક્યારેક રડાવે છે ! ક્યારેક આનંદનો અનુભવ કરાવે તો ક્યારેક ઉદ્વેગનો.કભી ખુશી તો કભી ગમ...

મોટે ભાગે તો વચનગુપ્તિ સ્વરૂપ મૌન રહેવા જેવું છે. ખાસ જરૂર વગર વચનનું તાળું ન ખોલવું; એવું જ્ઞાનીઓનું અને અનુભવી પુરુષોનું કહેવું છે. શક્ય તેટલું વધારે મૌન કરવાથી વચનની શક્તિ વધે છે ! મૌનમાં પણ એક વિશિષ્ટ તાકાત રહેલી છે. મૌન રહેનારો ઘણા અનર્થોથી બચી શકે છે. વચન એક શસ્ત્ર છે

તેમ મૌન પણ એક અદ્‌ભુત શસ્ત્ર છે. (રોજના માત્ર એક કલાકના મૌનદ્વારા આની અનુભૂતિ કરી શકો છો. ઘણા ફાયદા જોવા મળશે... પછી ધીમે ધીમે મૌનનો સમય વધરતા જાઓ. બહારના ફાયદા સાથે ભીતરના ફાયદાય જોવા મળશે જ.) તમારું મૌન ક્યારેક સામા માણસને અકળાવી મૂકે એવું પણ બનશે. લાંબા ગાળે તમને સમજાશે કે બોલવા કરતાં મૌનનું સામર્થ્ય ઘણું વધારે છે. આ મૌનનો મહિમા સમજવા માટે જ કહેવાયું છે ને કે - 'ન બોલવામાં નવ-નવ સો ગુણ.'

હાડકાં વિહોણી આ જીહ્વા ક્યારે કયો વળાંક લે તે કળવું મુશ્કેલ હોય છે. કાંઈપણ બોલતાં પહેલાં તેનાં પરિણામનો વિચાર અવશ્ય કરવો જોઈએ. વચન પાછું ન ખેંચવું પડે-એવું જ બોલો. બોલ્યા પછી માફી ન માંગવી પડે તેનું ધ્યાન રાખો. ઘણીવાર વિચાર્યા વગર બોલી નાંખ્યા પછી બચાવ માટે કે બચવા માટે દંભ-માયા-જૂઠનો કે માયામૃષાવાદનો આશ્રય લેવો પડતો હોય છે. હા, એ આશ્રય લઈને કદાચ તે પ્રસંગે તો બચી પણ જશો પરંતુ કર્મસત્તાની ભવિષ્યમાં મળનારી સજાથી નહીં ઊગરી શકો. એ સજા ભોગવવાની તૈયારી તો રાખવી જ પડશે.

સામુદ્રિક શાસ્ત્રની વાત કરીએ તો ત્યાં પણ માનવની જીભના કલર પરથી એનું જીવન (જીવનની કેટલીક ચીજો) બતાવી શકાય છે. લાલ વર્ણવાળી જીભ શુભ ગણાવી છે. જ્યારે કાળી-કાળાશ પડતી જીભને અશુભ ગણી છે. જીભમાં ચીકાશ છે કે રૂક્ષતા... તેનાથી પણ તે જીવનાં સુખ-દુઃખની વાતો ત્યાં વિચારવામાં આવી છે. જીભની લંબાઈ પર પણ વિચાર કરવામાં આવ્યો છે. સામાન્ય માનવીની જીભ નાકના ટેરવે અડતી નથી. પરંતુ જેની જીભ નાકના ટેરવાને અડી જાય તે સારી ગણાય છે. મતલબ, બીજાં અંગોની જેમ જીભનાં પણ લક્ષણોની વાત લક્ષણશાસ્ત્રમાં બતાવી છે.

મોટે ભાગે ઝઘડાનો પ્રારંભ જીભથી થાય છે. જીભથી થયેલો આ ઝઘડો જો ન અટકે તો તે કેટલે આગળ વધે તે કહેવું મુશ્કેલ થઈ જાય છે. બે વ્યક્તિ વચ્ચેની આ જીભોજોડીમાં આગળ કેટલી જીભો કે કેટલા જીવો ટકરાય, તેની કલ્પનાય થઈ શકતી નથી. જીભના ઝઘડાનો અંત લાવવા માટે પણ જીભ જ કામ આવે છે, તે પોતાની જીભ હોય કે કોઈ મધ્યસ્થ, સમજુ-વિવેકીની જીભ હોય... ઝઘડો આગળ વધે ત્યારે હાથાપાઈ, લાતંલાતી, પત્થરબાજી, લાકડીયુદ્ધ... આગળ વધે તો તીક્ષ્ણ-ધારદાર શસ્ત્રો, જેવાં કે - ચપ્પુ - ખંજર, તલવાર, ધારિયા-ભાલા, તીરકામઠાં, બંદુક વગેરે આવી શકે છે. આવું થાય ત્યારે એક જીભથી-વાક્કલહથી શરૂ થયેલા યુદ્ધના પરિણામે લોહિયાળ જંગ ખેલાય છે. કંઈકના ઢીમ ઢાળવાની ક્રિયા થાય



છે. મરું કે મારુંની આસુરી ભાવના પોતાનું સ્થાન એ માનવોનાં હૃદય પર જમાવે છે. એના - એ માનવોના મગજની વિચારશક્તિ કુંઠિત-બુઠ્ઠી થઈ જાય છે. પોતાનાં મન-મસ્તિષ્ક પર પોતાની નહીં, ક્રોધની હકુમત સ્થાઈ જતી હોય છે. તેના યોગે સગાભાઈ વગેરેનો વિચાર પણ આવતો નથી. બધાને એ દુશ્મનરૂપે જ જુએ છે ! મૈત્રી ભાવ અને પ્રેમભાવમાં આગ ચંપાઈ જાય છે. હા, આ બાહ્ય હોળી પ્રગટતાં પહેલાં તો હૈયાહોળી પ્રગટી ચૂકી હોય છે ! એ બીજાને નહીં; પોતાને જ દઝાડે છે, બાળે છે... ક્રોધે તમારી વિચાર શક્તિ પર પૂરો કબજો લઈ લીધો હોવાથી આ વાત તે સમયે સમજાતી નથી, પાછળથી સમજાય છે... પરંતુ ત્યારે હાથમાંથી બાજી સરકી ગઈ હોય છે. ત્યારે પેલી કહેવત પ્રમાણે-'અબ પછતાયે ક્યા હોત હૈ, ચીડિયાં ચુગ ગઈ ખેત' જેવો ખેલ થાય છે. રાંડ્યા પછીના ડહાપણનો શો મતલબ ? માથું વાઢીને પાઘડી બંધાય ?

મૂળવાત એ છે કે - જીભ પુણ્યથી મળે છે તે વાત સુનિશ્ચિત છે. હવે તેનો સદુપયોગ - દુરુપયોગ શું કરો છો, તેના પર ભાવિ નક્કી થાય છે. સારાભવિષ્યના નિર્માણ માટે બોલતાં પૂર્વે અને ખાતાં પહેલાં ખૂબ વિચાર કરજો... ત્યાં-ત્યારે ભગવાનનાં હિતકારી-સુખકારી-કલ્યાણકારી વચનોનો શાંતચિત્તે વિચાર કરજો. એના આધારે જીભ પર સંયમ રાખશો તો નિશ્ચિતપણે ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી શકશો...

જીભ માટે આવી તો ઘણી વિચારણા કરી શકાય. આ લેખમાં તમને દિશાસૂચન છે. અંગુલી નિર્દેશ કર્યો છે. માર્ગદર્શન આપ્યું છે તેના આધારે તમે સ્વયં તમારી બુદ્ધિનો ઉપોયગ કરશો, તો નવી નવી સ્ફૂરણાઓ તમારા મન-મસ્તિકમાં ઉદ્‌ભવશે. ધ

## ★ હે વિહુય-રય-મલા ! ★★★

**-શ્રી ભક્તિ મિત્ર**

હે વિગલિત- પાપપંક ! તું પાપના કાદવ-મેલથી રહિત છે. પાપનો કોઈ અંશ તારામાં નથી. તું નિષ્પાપ છે, પાપ રહિત છે. પાપના ડાઘ પણ તારા આત્મા પર નથી. તેથી જ તું પીડા રહિત છે. પાપ વગર પીડા આવે જ ક્યાંથી ? તેં તારા અંતિમ જન્મમાં કોઈને પીડા આપી નથી તો પાપ બંધાય જ ક્યાંથી ? પાપ જ ન હોય તો પીડા-દુઃખ આવે પણ કઈ રીતે ? ક્યાંય આસક્તિ ન હોવાથી ભોગોપભોગની અતિ-વિપુલ સામગ્રી મળવા છતાં, ભોગવવા છતાં તેં માત્ર કર્મો ખપાવવાનું જ કાર્ય કર્યું છે, પાપ બાંધવાનું નહીં ! રાગી-મોહી જીવ તો ક્રિયાત્મક પાપ ન કરવા છતાં પાપના લેપથી લેપાય છે, કર્મથી કલંકિત થાય છે. એમના

માટે મન, કર્મબંધ કરાવનાર સૌથી સક્રિય કારણ હોય છે. તારી ભોગોપભોગની ક્રિયા મૂર્ચ્છા વગરની હોય છે. માટે જ તો અરિહંત વંદનાવલીમાં કહેવાયું કે - ' મૂર્ચ્છા નથી પામ્યા મનુજના પાંચ ભેદે ભોગમાં, ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખચેનમાં...'

' પુણ્યથી મળેલી સામગ્રી પણ મમત્વ કરાવનારી ન જ થવી જોઈએ.' આ નિયમ તારા જીવનમાં જીવંત જોવા મળે છે. સામગ્રી કેટલી મળે તે મહત્ત્વની નથી, તેના પર મૂર્ચ્છા કેટલી છે ? તે મહત્ત્વનું છે. માટે જ આગમોમાં લખાયું : **'मुच्छा वुत्तो परिग्गहो'** મૂર્ચ્છાને જિનેશ્વરદેવોએ પરિગ્રહ કહ્યો છે. તારી ભોગોપભોગની પ્રવૃત્તિ ભોગાવલીકર્મને ખપાવવા માટે જ હતી. જેને તેવાં પ્રકારનાં ભોગાવલીકર્મ ન હતાં તે-તે તીર્થંકરભગવંતોએ લગ્નાદિ ન કર્યાં... કે રાજ-પાટ પણ ન ભોગવ્યાં. ધન્ય છે પ્રભો ! તારી મૂર્ચ્છા રહિત અવસ્થાને, અનાસક્ત યોગિતાને ! બાહ્ય દેખાવથી ભલે દુનિયાને ભોગી તરીકે દેખાયો પણ તું ખરા અર્થમાં યોગી છે. તારી યોગી-અવસ્થાને લાખ લાખ નમસ્કાર!!

હે અકર્મક ! હું તો કર્મનો કર્તા પણ છું ને કર્મોનાં કડવા ફળોને ભોગવનારોય છું. મારા જીવનમાં પુણ્યકર્મ કરતાં પાપકર્મનો બંધ વધારે છે. ક્યારેક થોડું પુણ્ય બાંધી લઉં છું પરંતુ એ પુણ્ય પણ વિશુદ્ધકોટિનું નથી હોતું. એમાંય મિલાવટ હોય છે, અશુદ્ધિ ભળેલી હોય છે. ક્યારેક દ્રવ્ય ક્રિયા થાય છે, ભાવ નથી હોતો. ક્યારેક એ ક્રિયાઓ પાછળ આશય દૂષિત હોય છે. વિષ અને ગરલક્રિયા પણ થઈ જાય છે. માની લો અમૃત ક્રિયા તો મારા આત્માને સ્પર્શતી જ નથી. હા, ક્રિયામાં ઠેકાણાં ન હોવા છતાં તેના સુવિશુદ્ધ ફળની અપેક્ષા રાખું છું. 'વ્યાપારમાં ભલીવાર નહીં અને આવકની અપેક્ષા ભરપૂર' જેવો મારો ઘાટ છે. અલબત્ત, દ્રવ્યક્રિયા પણ કેટલાય શારીરિક-વાચિક-માનસિક દોષોથી દૂષિત હોય છે. મારા અતિઅલ્પ જ્ઞાનમાંય જો આ વાતની પ્રતીતિ થતી હોય તો તારા જેવા સર્વજ્ઞને તો કહેવું જ શું ? બધું જ જાણવા છતાં તારી કરુણા તો મારા ઉપર ઉપકાર જ કરાવે છે!

જગતમાં જોવા મળે છે કે- હેતાળ- પ્રેમાળ- લાગણીશીલ 'મા' હોય તોય પુત્રના વાંક-ગુના સમયે લાલ-પીળી આંખો કરે છે. શાબ્દિક ઉપાલંભ આપે છે. કાયરેક ધોલ-ધપાટ વગેરે સજા કરે છે. તું તો બધું જ જાણવા છતાં, ગુનેગારના તમામ ગુનાની માહિતી હોવા છતાં, ક્યારેય તું કોઈને નાની-મોટી સજા કરતો નથી. કાશ ! એવું જોવા મળે છે કે- તેના જીવ પર તું વિશેષ કરુણા કરે છે. એ કરુણા ક્યારેય તારી આંખમાં આંસુ સ્વરૂપે જોવા મળે છે. આનાથી મોટી દયા જગતમાં ક્યાં જોવા મળે ? પ્રભો ! આવા વિચારો કરતાં તારા પ્રત્યે દિલ ઓવારી જાય છે, ઝૂકી જાય છે !



હે નયનાનંદકારી ! હે પરમાનંદદાયી ! આપનાં દર્શન-વંદન-પૂજનથી પાપો તો પલાયન થાય જ છે, સાથે અદ્‌ભુત આનંદની સહજ પ્રાપ્તિ પણ થાય છે. પાંચે ઈન્દ્રિયો સહિત તન-મન અને રોમ-રાજી વિકસ્વર થઇ જાય છે. આત્મિક સ્વરૂપનું સંસ્મરણ થઈ આવે છે. તારા જેવા સહજ શુદ્ધ સ્વરૂપને પામવાની ઉત્કંઠા પ્રગટ થાય છે. વૈષયિક અને કાષાયિક વિકારોથી મુક્ત થઈ નિર્વિકાર-વીતરાગદશાને મેળવવા મન લાલાયિત બની જાય છે. વિષયોથી મળતા ઉછીના આનંદ અને ક્ષણિક સુખની જગ્યાએ પુદ્‌ગલરહિત પરમેનેન્ટ આનંદ મેળવવા માટે દિલમાં ભાવનાઓ વેગ પકડે છે ! દુર્ભાવનાઓ વિદાય થાય છે ને સદ્‌ભાવનાઓ ઉછાળા મારવા લાગે છે. ઘર- દુકાન- પરિવાર- પૈસાદિના યોગે ઊભા થયેલા રાગ-દ્વેષાદિ ભાવો, કાષાયિક ભાવો આપના જિનાલયમાં પગ મૂકતાં જ પલાયન થઈ જાય છે. તારા સાનિધ્યમાં આવતાં જ દુઃખોનું વિસ્મરણ થઈ જાય છે. પરતંત્રતા, લાચારી વગેરેની સંસારી પીડાઓનું સ્મરણ અને ત્યારબાદ તારી વીતરાગ અવસ્થાના દર્શનથી વિસ્મરણ થઈ જાય છે. તારા ધ્યાનથી આર્તધ્યાન, રૌદ્રધ્યાનાદિ તમામ દુર્ધ્યાનોનો નાશ થઈ જાય છે.

હે ધર્મતીર્થસ્થાપક! તારાં દર્શન થતાં જ તારા અંતિમભવનાં પાંચ કલ્યાણકો, સર્વજ્ઞ થતાં પહેલાંની સંયમસાધના, આત્મપરિણતિનો વિચાર આવી જાય છે. તે વિચારોથી મારા જીવનમાં તાણા-વાણાની જેમ વણાયેલાં હિંસાદિ પાપો પ્રત્યે ફીટકારભાવ પેદા થઈ જાય છે. તારી આત્મપરિણતિ કેવી ? ભાવદયા- કરુણા કેવી ? જેના કારણે પાપી જીવ પ્રત્યે પણ તને દ્વેષાદિ ભાવો નથી આવતા... તારો ઉપદેશ પણ કેવો ? પાપી પ્રત્યે નહીં, પાપ પ્રત્યે તિરસ્કારભાવ પેદા કરાવી જાય છે!

તારી અહિંસકભાવની પરાકાષ્ઠા જોતાં મને મારી હિંસા- હિંસકતા પ્રત્યે જ ઘૃણા પેદા થાય છે. તારી સત્ય પ્રત્યેની નિષ્ઠાનો વિચાર કરતાં, મારા ક્રોધ-લોભ-ભય અને હાસ્યથી બોલાતા સ્વાર્થી જૂઠ (સામાન્ય જૂઠ અથવા માયા મૃષાવાદ) પ્રત્યે નફરતનો ભાવ પ્રગટ થઈ જાય છે. તારા પુદ્‌ગલજન્ય કે અધ્યાત્મજન્ય સહજ અચૌર્યવ્રતની વિચારણા આવતાં જ; મારા ચૌર્ય(ચોરી) નામના પાપ પ્રત્યે તિરસ્કારની લાગણી પેદા થાય છે. તારા બ્રહ્મચર્યની તો વાત જ ન્યારી છે. શુદ્ધ-નૈષ્ઠિક અને સહજ બ્રહ્મ (આત્મા)માં લીનતા સ્વરૂપ બ્રહ્મચર્ય તને સિદ્ધ છે. નિશ્ચય બ્રહ્મચર્ય (આતમગુણોમાં જ રમમાણ રહેવારૂપ) ગુણનાં ગાન તો માનવજીભે કરવા દુષ્કર છે. પાંચે ઈન્દ્રિયના અબ્રહ્મથી રહિત તું અખંડ બ્રહ્મચારી છે. મતલબ, તારી

પાંચે ઈન્દ્રિયો વિષયોમાં નહીં, આત્મગુણોરૂપી ખોરાક લેનારી છે. સિદ્ધાવસ્થામાં તો ઈન્દ્રિયરહિત હોવાથી તેની વાત જ નથી. હું તો પ્રભુ ! તમામ (પાંચે) ઈન્દ્રિયોનો ગુલામ છું. આત્મામાં-આત્મગુણોમાં તો હું થોડી ક્ષણો પણ ટકી શકતો નથી. સતત બાહ્યભાવોમાં રમવા સ્વરૂપ વિભાવને જ મેં સ્વભાવ બનાવી દીધો છે.

તારા અકિંચન્ય ગુણોની હોડમાં કોણ ઊતરી શકે ? પરિગ્રહ અને લોભ બંને અમને ગળેથી પકડે છે. વળી, એ પકડ અમને ગમે છે. પરિગ્રહ વધતાં અમને આનંદ આવે છે. તે ભારરૂપ નહીં, મોજ-મજાનાં સાધન રૂપ લાગે છે. તે ભયાનક નરકાદિ દુર્ગતિદાયક હોવા છતાં અહીં જ સ્વર્ગ મળી ગયો હોય એવું માની લઈએ છીએ. પરિગ્રહ વધતાં લોભ ઉછાળા મારે છે. વધારે ભેગું કરવાની મનોવૃત્તિ વેગ પકડે છે. પરહિગ્રહને પાપ ગણાવનાર તારાં વચનો પ્રત્યે દુર્લક્ષ્ય કરું છું. ક્યારેક એ તારાં વચનોની અવગણના કે અનાદર કરું છું. સંસારમાં તો પૈસા જોઈએ જ ને ? એવાં બહાનાં કાઢીને જાતને પણ ઠગું છું. હે નિષ્પરિગ્રહી ! મારા આત્માનો ઉદ્ધાર કઈ રીતે થશે ? જે પૈસાને તેં પીડાનું કારણ ગણાવ્યું તેને હું સુખ-આનંદનું સાધન માની બેઠો છું... આય અજ્ઞાનતા ને મિથ્યાત્વનો અંધાપો જ છે ને ? ધ

## ★ અહો નવકાર !!! ★★★

**- પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

(ગતાંકથી...) મહામુનિ સુદર્શન તો પોતાની આત્મમસ્તીમાં છે. શરીર અને ઈન્દ્રિયોની પજવણીમાંય મુનિનું મન તો ધર્મધ્યાનમાં લીન છે. મનથી ચલાયમાન નથી થયા ! ધર્માત્માની પરીક્ષા કેવી કેવી થાય છે ? સાથે મહાત્માની સમતા કેવી ઝળહળે છે ! મુનિવરે તો આ પ્રસંગને કર્મનિર્જરાનો અવસર માન્યો! સમતા હોય ત્યાં સમાધિ આસાન બની જાય છે. સમતાનો રસાસ્વાદ પણ મજાનો હોય છે. સમતા ગુમાવી દેનારો સમાધિ પણ ગુમાવી બેસે છે . સમાધિ ગુમાવી એટલે સમજી લેવું કે - સદ્ગતિ હવે દૂર થઈ છે ! દુર્ગતિનાં દ્વાર ઊઘડી ગયાં છે. હા, એટલું ન ભૂલવું કે - ચારે ગતિમાં સદ્ગતિ છે, તેમ ચારે ગતિમાં દુર્ગતિ પણ છે. દેવનો ભવ એટલે સદ્ગતિ અને નરકનો જન્મ એટલે દુર્ગતિ : આવી વ્યાખ્યા જૈન શાસ્ત્રોની નથી ! જ્યાં દુઃખમાંય જૂનાં કર્મો ખપાવીને વિપુલનિર્જરા સાધવા સાથે નવાં પાપકર્મો ન ઉપાર્જે તે તેના માટે સદ્ગતિ ગણાય. જ્યાં સુખ હોય કે દુઃખ, પરંતુ તે જીવ જો નવાં અશુભ કર્મનો બંધ થતો હોય તો તે તેના માટે દુર્ગતિ જ ગણી શકાય.



શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા વગેરે આજે નરકમાં હોવા છતાં મહાનિર્જરા કરે છે. હાય-વોય વગેરે કરી નવાં અશુભ કર્મો બાંધતા નથી. તેથી તેમના માટે તો નરક પણ સદ્ગતિ જ છે. દેવલોકમાં ગયેલા હોય, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ગળાબૂડ ડૂબેલા હોય તે જીવો નવાં અશુભ કર્મો બાંધતા હોવાથી તેમના માટે સ્વર્ગ પણ દુર્ગતિ જ ગણાશે. કારણ, તેનાથી આગામી જન્મો દુઃખથી ભરપૂર ગતિવાળા મળતા હોય છે. આગામી જન્મો બગાડે તેને સદ્ગતિ કઈ રીતે કહી શકાય ?

વ્યવહારથી દુર્ગતિ ગણાતી જગ્યામાં રહેલા સમ્યક્ત્વને ધારણ કરનારા જીવોની દૃષ્ટિ સમ્યગ્ બની જવાના કારણે તેમના વિચારો પણ સમ્યગ્ બની જાય છે. આ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્વિચારો જીવને શુભમાર્ગે આગળ વધારે છે. માટે જ દૃષ્ટિ અને વિચારો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેમ કમળો થયો હોય તેવા દર્દીને બધું પીળું જ દેખાય તેમ મિથ્યાદૃષ્ટિ જીવને; જ્ઞાનીએ જે દૃષ્ટિથી જોવાનું જણાવ્યું હોય તેનાથી વિપરીત જ દેખાય છે. પોતાનાં કર્મોનો દોષ જોવાની જગ્યા એ સામી વ્યક્તિને જ તે દોષિત ગણે છે. તેના જ દોષોને ગાતો હોય છે. તેના કારણે દુર્ગતિની સાથે સાથે દુશ્મની પણ બની જાય છે. જો બંને મિથ્યાદૃષ્ટિ હોય તો બંનેનું ભવભ્રમણ વધે છે, દુશ્મનાવટમાં વધારો થાય છે.

સુદર્શન મુનિવર તો વેશ્યાના ઘરમાંથી નીકળ્યા પછી સીધા જ સ્મશાનમાં કાઉસ્સગ્ગ-ધ્યાન કરવા ચાલ્યા ગયા ! બીજી તરફ; અભયા રાણી મરીને વ્યંતરી (વ્યંતર નિકાયમાં દેવી) તરીકે ઉત્પન્ન થઈ છે, તેને આ મહામુનિ પર દ્વેષ-ભાવ હોવાથી, દુશ્મન માની હેરાન-કરવા આવી ગઈ. ભવ અને સ્થાનાદિ બદલાયા પછી પણ ભાવ (દુશ્મનાવટનો ભાવ) નથી બદલાયો. જાણે વેર વસુલવા આવી ગઈ ! રાણી અભયા, જે વ્યંતરી થઈ છે, તેના માનસપટ પર તો આ મુનિવર રૂપે નહીં, શત્રુરૂપે બેઠા છે. જ્યારે મુનિવરના માનસપટ પર દરેક જીવો મિત્રના સ્વરૂપમાં રહ્યા છે. **'मित्ती मे सव्वभूएसु'** ની ભાવના તેઓના દિલમાં રહેલી છે. આટલી ઊંચી અને શુભભાવનાવાળા હૃદયમાં અશુભ ભાવનાને પ્રવેશ ક્યાંથી મળે ?

મહાત્માના મનમાં શુભભાવો છે પરંતુ અભયા-વ્યંતરીનું દિલ તો વેરની દુષ્ટ ભાવનાથી દૂષિત છે ! તેણીએ કાયોત્સર્ગની શુભધારામાં રમતા મહામુનિ ઉપર ઉપસર્ગો કરવા માંડ્યા. અનુકૂળ અને પ્રતિકૂળ બંને પ્રકારના ઉપસર્ગો કર્યા. મુનિવરને પીડાનું દાન કરવામાં ક્યાંય કચાશ નથી રાખી. માનવરૂપે જ્યારે ઉપસર્ગો કર્યા ત્યારે તો તેની શક્તિ ઓછી હતી. અત્યારે તો દૈવી શક્તિ છે. આટલા બેસિતમ

ઉપસર્ગોમાંય મુનિ ચલાયમાન ન થયા. તેમની ધ્યાનની ધારાને ખંડિત કરવામાં વ્યંતરી નિષ્ફલ ગઈ ! કાશ ! મુનિવર માટે એ ઉપસર્ગોય ઉપકાર કરનારા થયા !

ધ્યાનની ધારામાં આગળ વધતા મુનિવરે પોતાના આત્મા ઉપર અનુશાસન ચાલું કર્યું. હે આત્મન્ ! અહીં જે વેદના - પીડા થઈ રહી છે, તેના કરતાં અનેક ગણી પીડા, અનંત કાળ સુધી પરાધીનતા સાથે તેં જ ભોગવી છે. એકવાર નહીં, અનંતી વાર ભોગવી છે. અત્યારે થોડાક સમય માટે તેને સમતાભાવે ભોંગવીશ તો તને કાયમ માટે એમાંથી મુક્તિ મળી જશે. વેદનાનું કારણ વ્યંતરી નથી, તારાં બાંધેલાં કર્મો છે. કર્મકૃત વેદનાનો દોષ બીજાને ન દઈશ. આ તમામ પીડાની પાછળ ઉપાદાન કારણ તરીકે રહેલા અને તારા જ દુશ્મન બનેલા તારા આત્માને જો... તારાં કર્મોની પીડા બીજો કોઈ ભોગવવાનો નથી. તે જ રીતે બીજાનાં શુભાશુભ કર્મો નું ફળ તને મળવાનું નથી. એટલે તારી પીડા પાછળ તું કોઈને દોષિત ગણીશ નહીં.

હે જીવ ! જે જીવો અરિહંત-વીતરાગના શાસનને નથી પામ્યા, તે અજ્ઞાની જીવો આવા સમયે દુર્ધ્યાન કરી દુષ્ટ કર્મોને બાંધે છે. હાય-વોય, અરે-રાટી વગેરે દ્વારા ક્લિષ્ટ કર્મો ઉપાર્જે છે. ભવભ્રમણ વધારે છે. તું તો પ્રભુના અનુપમ શાસનને પામ્યો છે. દુનિયામાં જેનો જોટો ન જડે એવા શાસનને પ્રાપ્ત કર્યા પછી જો જીવ સદ્ગતિ અને મુક્તિનો માર્ગ છોડી દુર્ગતિના દુઃખદાયી માર્ગે ચાલ્યો જાય, સદ્ગુરુ ભોમિયા તરીકે મળ્યા પછી પણ ભૂલો ભટકી જાય... તો તેના જેવો બીજો મૂર્ખ કોણ હોઈ શકે? હે ચેતન ! પાંચ ઈન્દ્રિયો અને મન સાથે નો; આગળ-પાછળનો (ભૂત-ભવિષ્યનો) વિચાર કરી શકે એવો અદ્ભુત માનવનો જન્મ, કે જે મુક્તિ માટે અનુકૂળ છે, તેને પામીને તું હારી ન જઈશ. ફરી આવી તક ક્યારે મળશે, તેની ખબર નથી.

કષાયોના શરણે ન જતાં અરિહંત-સિદ્ધ-સાધુ- અને કેવલિભગવંતે જણાવેલ ધર્મના શરણે ચાલ્યો જા. તારાં દુષ્કૃત્યોની નિંદા કર. જાણતાં-અજાણતાં આ જન્મમાં કે ભૂતકાળના જન્મોમાં, મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ કે પ્રમાદના યોગે બાંધેલાં એ પાપોની નિંદા કર... અરિહંતાદિથી લઈ માર્ગાનુસારી સુધીના જીવો દ્વારા થતાં સુકૃતોની અનુમોદના કર. દરેક જીવો સાથે ક્ષમાપના કર. ૮૪ લાખ યોનિમાં રહેલા, ૧૪ રાજલોકના કોઈપણ ભાગમાં વસેલા જીવો સાથે ક્ષમાની આપ-લે કરી લે. વિશેષ કરીને હાલમાં પીડા ભોગવવામાં નિમિત્ત બનેલા જીવની સાથે ક્ષમાપના કરી લે...



આવા-આવા ધર્મધ્યાનના વિચારોનાં માધ્યમથી સુદર્શન મુનિવર ક્ષપક શ્રેણિ પર આરૂઢ થયા ! ક્ષપક શ્રેણિના યોગે ક્ષણવારમાં (સાત લવ જેટલા સમયમાં) ઘાતિકર્મો (જ્ઞાનવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાયકર્મ) નો ક્ષય કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા બન્યા ! અનુકૂળતામાંય અશુભ કર્મો ઉપાર્જનારા આપણે ક્યાં ને પ્રતિકૂળતાના સંકટકાળમાંય કર્મોને ખપાવનારા મહામુનિવર સુદર્શન ક્યાં ? તેઓ તો રાગને રોગ ગણતા હતા. રોગને કલ્યાણિમત્ર ગણતા હતા. રાગને આત્માનો દુશ્મન ગણતા હતા. વિષયોને વિષ જેવા ભયંકર માનતા હતા. હાસ્ય વગેરે નોકષાયો જ કષાયોને ઉશ્કેરનારા હોવાથી નોકષાયોથી પણ ડરતા હતા. કષાયોને દાવાનળ ગણી તેનાથી સેંકડો યોજન દૂર ભાગતા હતા. સાપ-સાપણ કે નાગ-નાગણના ઝેરથી વિષયો-કષાયો-સંજ્ઞાઓ વગેરેને વધુ ભયંકર માનતા હતા. જેને જગતના જીવો સામે ચાલીને બોલાવે છે, તેને તેઓ ભૂતના વળગાડ જેવા ગણતા હતા !

જગતના સોમલ વગેરે ખનીજ, વનસ્પતિ જન્ય કે માનવનિર્મિત ઝેર તો એક જ જન્મમાં, એક જ વાર મોતને ઘાટ ઉતારે છે, વિષયો વગેરે તો જરૂર પડે સંખ્ય-અસંખ્ય-અનંત જન્મો સુધી કમોતે મારે છે. વધારે સાવધાની ક્યાં રાખવાની ? જ્ઞાની બનેલા જીવને મરણ કરતાં જન્મ વધારે બિહામણો લાગે છે. અજ્ઞાની જીવને મોત ડરાવે છે ! જન્મનો ડર અજન્મા બનવા તરફ પ્રગતિ કરાવે છે, જ્યારે મોતનો ડર દુર્ગતિરૂપ જન્મ-મરણની પરંપરાને વધારે છે ! એક વાર દુર્ગતિમાં ચાલ્યા ગયાબાદ ફરી સદ્ગતિ પામવાનું કાર્ય દુષ્કર બની જાય છે.

દુઃખના કારણરૂપ ગણાતા જન્મને અજ્ઞાની જીવો જ આનંદનું કારણ માનીને તેને ઉત્સવમાં ખપાવે છે. જ્ઞાની ભગવંતો મૃત્યુને મહોત્સવ માનીને પ્રસન્નતા સાથે તેને ભેટે છે ! હા, દુઃખ કે પ્રતિકૂળતાના સમયે પણ તેઓ મોતને સામેથી બોલાવતા નથી કે વ્હાલું કરતા નથી. તેમ કરવામાં તો તેઓને પોતાનું ભાવિ અંધકારમય જણાય-દેખાય છે. પોતાના ભવિષ્યને ભગાડે તે જ્ઞાની કે અક્કલવાળો કઈ રીતે ગણાય ?

આત્માના ગુણોનો સર્વઘાત કરનારાં ઘાતિકર્મોના ક્ષય વગર કેવળજ્ઞાન સંભવિત નથી. તમામ (ઘાતિ-અઘાતિ) કર્મોના ક્ષય વગર મુક્તિ શક્ય નથી, કેવળજ્ઞાન થયા પછી પણ અઘાતિકર્મોનો નાશ ન થાય ત્યાં સુધી જીવને સંસારમાં

રહેવું પડે છે. તેથી તેને 'ભવોપગ્રાહી' (સંસારમાં પડકી રાખનારાં) કર્મ પણ કહેવાય છે. મુક્તિનો અર્થ છે, સર્વથા-સર્વદા-સર્વ કર્મોથી મુક્ત થવું. હવે નાનાં-મોટાં કોઈ જ કર્મ જીવની સાથે-આત્મપ્રદેશો સાથે ચોંટેલાં નથી. આત્મા સર્વથા શુદ્ધ બની ગયો ! આત્માને અશુદ્ધ બનાવનાર કર્મો છે. કર્મોને આત્મ-સરોવરમાં પાણીની જેમ આવવા દેનાર 'આશ્રવ' છે. આવા આશ્રવ બેંતાલીશ પ્રકારે છે. તેની સામે કર્મોને આવતાં રોકનાર 'સંવર' ના ૫૭ પ્રકાર છે. આશ્રવ પર બ્રેક લગાવ્યા વગર એટલે કે સંવર કર્યા વગર નિર્જરામાં સંપૂર્ણ સફળતા મળતી નથી ! નિર્જરા બે પ્રકારની ગણાવી છે. ૧. દેશનિર્જરા અને ૨. સર્વથા નિર્જરા. જેમાં થોડાં થોડાં કર્મોનો ક્ષય થાય તે દેશનિર્જરા કહેવાય. જેમાં એક સાથે તમામ કર્મોને ખપાવાય તેને સર્વનિર્જરા કહેવાય છે.

સુદર્શન મુનિવરે ઘાતિકર્મોની સર્વથા નિર્જરા કરી તેથી કેવલજ્ઞાન પામ્યા કેવળજ્ઞાન પામતાં જ અભયા-વ્યંતરી નિર્લજ્જ થઈ ત્યાંથી ભાગી ગઈ ! બીજી તરફ દેવોએ આવી કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો !

કેવળજ્ઞાન એટલે ત્રણે લોકનું, ત્રણે કાળનું જ્ઞાન ! ચર (જીવ) અચર (જડપદાર્થો) સર્વનું, તમામ પર્યાયો સાથેનું જ્ઞાન ! બધું જ એક સાથે જણાય, એક સાથે દેખાય. મતલબ, પહેલા સમયે તેઓને વિશેષ બોધ થાય, જ્યારે બીજા સમયે સામાન્ય જ્ઞાન સ્વરૂપ દર્શન થાય. આમ સમયાંતર ઉપયોગ તેમને હોય છે.

હવે જીવ યા જડની જાણકારી માટે નથી ઉપયોગ મૂકવાની જરૂર કે નથી ક્યાંય જવાની જરૂર ! કોઈ પણ જીવ કે પદાર્થનો બોધ તેઓને હોય છે. ભલે એ જીવ કે પદાર્થ અંધકારમાં હોય કે પ્રકાશમાં ! લોકમાં હોય કે અલોકમાં... તેમને કાંઈ જ ફરક પડતો નથી. પૂર્વાપર તમામ પર્યાયોનું જ્ઞાન એક સાથે તેઓને હોય છે.

કેવલી સુદર્શન મુનિનો કૈવલ્ય મહોત્સવ ઉજવ્યો. સાથે દેવોએ સુવર્ણકમળની રચના કરી તે કમળ પર બિરાજમાન થઈ કેવલીમુનિવરે દેવો અને માનવોની પર્ષદા સમક્ષ દેશના આપી. તેઓશ્રીની ધર્મદેશનાથી કેટલાય ભવ્ય જીવો પ્રતિબોધ પામ્યા...! સરળ ગણાતા જીવો તે પ્રતિબોધ પામે... એ કોઈ આશ્ચર્ય નથી. આશ્ચર્ય તો એ જોવા મળ્યું કે સુદર્શન શ્રાવક અને સુદર્શન મુનિ એમ બંને અવસ્થામાં દુશ્મન બની રંજાડનારા, હેરાન કરનારા, ઉપસર્ગોની હારમાળા સર્જનારા ત્રણ



જીવો એટલે કે રાણી અભયા (પાછળથી વ્યંતરી), પંડિતા અને દેવદત્તા વેશ્યાઃ આ જીવોય પ્રતિબોધ પામ્યા !! પંડિતા અને દેવદત્તા તો પ્રતિબુદ્ધ થઈ શ્રાવિકા બની અર્થાત્ બારવ્રતનો સ્વીકાર કરનારી થઈ ! પોત-પોતાનાં દુષ્કર્મોનું પ્રાયશ્ચિત્ત, પાશ્ચાત્તાપ અને ક્ષમાપના કરી.

નવકારમંત્રના વિશિષ્ટ પ્રભાવ સાથે શીલધર્મના પ્રભાવને દર્શાવતી અને સુભગ નોકર (ઢોર ચરાવનાર) થી થયેલી યાત્રાને કેવાં કેવાં વળાંકો મળ્યાં ? છેવટે એ યાત્રા મુક્તિનગરે પહોંચી; તેની વિચારણા આ કથાનકના માધ્યમથી કરી.

નવકારમંત્રના અક્ષર માત્ર ૬૮ જ છે. દ્વાદશાંગીના અક્ષરો જ નહીં, પદોની સંખ્યા ગણોતોય ખર્વ-નિખર્વ કરતાંય મોટી સંખ્યા થાય. એક પદમાં ૫૧, ૦૮, ૮૪, ૬૨૧.૫ શ્લોક આવે. એક શ્લોકમાં ૩૨ અક્ષર આવે... ભલે દ્વાદશાંગી (ગણધર ભગવંત દ્વારા રચાતાં ૧૨ અંગ શાસ્ત્રો, જે ભગવાન પાસેથી ત્રિપદી મળતાં જ, માત્ર ૪૮ મિનીટમાં રચાઈ જાય છે!) બધા જ ન ભણી શકે, તમામ જીવોની એટલી ક્ષમતા ન હોય... નવકાર તો નાનો પણ દ્વાદશાંગીનો સાર હોવાથી તેની વેલ્યુ (મૂલ્યાંકન) સહેજ પણ ઓછી ન આંકવી. એ નવકાર સર્વોપરિ છે. સર્વ પાપોનો દુશ્મન છે. પાપી-અધમજીવને ઉત્તમોત્તમ બનાવે છે. પરતંત્રને સ્વતંત્ર બનાવે છે. ગુલામને સ્વામીભાવ પ્રદાન કરે છે. રાગીને વિરાગી અને વીતરાગી બનાવે છે. બંધનગ્રસ્તને બંધનમુક્ત કરી દે છે ! જંગલમાં મંગલ ખડાં કરી દેવાની તાકાત આ મંત્રાધિરાજમાં છે. સર્વમંત્રોનો ઉત્પાદક મંત્ર છે. જડમાંય ચૈતન્ય પેદા કરવાની શક્તિ આ મંત્રરાજમાં છે ! દુશ્મનને દોસ્ત કે સેવક બનાવી દેવાની ક્ષમતા આ મંત્ર ધરાવે છે. પાપીને પાવન બનાવવાનું સામર્થ્ય આ મંત્રમાં છે. તમામ આસુરી શક્તિઓને ખત્મ કરવાનું કૌવત મહામંત્રમાં છે. વિશ્વાસ અને આસ્થા સાથે તેની આરાધના ઉપાસના થવી જોઈએ. તે માટેની યોગ્યતા-પાત્રતા કેળવવા માટે ગુરુગમથી ઉપધાનાદિ વિધાનપૂર્વક આજ્ઞા મેળવવી જોઈએ.

મળેલા નવકારને સફળ બનાવનારો માનવ, પોતાના જન્મને પણ સફળ બનાવે છે. આવી સફળતા માટે હે વાચકો ! પ્રયત્ન કરી, યોગ્ય સંખ્યામાં જાપ કરી, તેના ધ્યાનમાં લીન થઈ આ જન્મ - આગામી જન્મોને સફળ બનાવી, અજન્મા બનવાનું અંતિમ લક્ષ્ય સિદ્ધ કરો, એ જ મંગલ કામના !

પોતાના આયુષ્ય સુધી કેવલી સુદર્શન મુનિવર વસુધા પર વિચરણ કરતા અનેક પુણ્યાત્માઓને ધર્મ પમાડી અંતે અનંત સુખના ધામ સ્વરૂપ મોક્ષમાં પહોંચ્યા!!

પૂર્ણ ધ